હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બ્રેકઅપ છો થયું... પણ અલી મારી ટાઇપીંગ સ્પીડ કેટલી વધી ગઇ એ જો ને...!!!

સાદરા ગામે ગાંધીનગર તાલુકા યુવા મોરચા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર તાલુકા યુવા મોરચા દ્વારા આયોજિત સાદરા ગામે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કેમ્પમાં ગાંધીનગર જિલ્લા યુવા મોરચાના પ્રમુખ વિજેન્દ્રસિંહ વાઘેલા, મહામંત્રી જૈમિનભાઈ પટેલ ગાંધીનગર તાલુકા મંડલના મહામંત્રી, લાલભાઈ દેસાઈ તેમજ ગાંધીનગર તાલુકા યુવા મોરચાના પ્રમુખ આશિકભાઈ પટેલ તેમજ યુવા મોરચાના પદાધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મહુન્દ્રા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ અંતર્ગત ધોરણ-૧ માં ૩૩ બાળકોનું નામાંકન કરાયું

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા પ્રાથમિક શાળા ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ પ્રસંગે કન્યા કેળવણી અને પ્રવેશોત્સવ અંતર્ગત શાળામાં પ્રથમ ધોરણમાં ૩૩ ભુલકાંઓનું નામાંકન કરી આવકાર આપ્યો હતો.

આ પ્રસંગે તાલુકા પંચાયત ગાંધીનગરના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન અને શાળા વ્યવસ્થાપન કમિટીના અધ્યક્ષ તથા ગામના સરપંચ, શાળાના આચાર્ય સહિત ગામ આગેવાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભાવ્યો હતો. કાર્યક્રમના અંતે આગેવાનોએ વૃક્ષારોપણ કરી શાળાના સ્માર્ટ રૂમની મુલાકાત લઈ પ્રશંસા વ્યક્ત કરી હતી.

શિહોલી મોટી, દશેલા, નવા ધરમપુર, દોલારાણા વાસણા ખાતે પ્રવેશોત્સવ યોજાયો

ચિલોડા, તા. ૨૪

આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીના ભાગરૂપે સમગ્ર ગુજરાતની દરેક પ્રાથમિક શાળામાં ધોરણ-૧ માં બાળકોના કન્યા કેળવણી અને પ્રવેશોત્સવ કાર્યક્રમની ઉજવણી ગાંધીનગર તાલુકાના મોટી શિહોલી ખાતે સરપંચ પરબતજી માધવજી ઠાકોર અને ગામના આગેવાનોની ઉપસ્થિતિમાં ભુલકાંઓનું શાળામાં નામાંકન કરવામાં આવ્યું હતું. બાળકોની સાથે ગોષ્ઠી કરી અભ્યાસ માટે પ્રોત્સાહિત કર્યા હતા. પ્રાથમિક શાળાઓમાં પણ શ્રેષ્ઠ ગુણવત્તાસભર શિક્ષણ તથા શાળાઓમાં બાળકો તન, મન અને ઉચ્ચ સંસ્કારમય તેજસ્વી બાળકો સજ્જ થાય, વિદ્યાર્થીઓને પણ આ પ્રસંગે આવકાર આપી કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આંગણવાડી કાર્યકરો અને ગામના સરપંચ દ્વારા બાળકોને પ્રિય રમકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગર તાલુકાના દશેલા, નવા ધરમપુર અને દોલારાણા વાસણા ગામની પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવમાં જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન લલિતસિંહ ઠાકોર, દશેલાના સરપંચ જશુભાઈ, નાથુભાઈ ચૌધરી, શિહોલી મોટીના સરપંચ પરબતજી ઠાકોર, ધરમપુરના જીવનસિંહ, દોલારાણા વાસણાના સરપંચ ઈન્દ્રસિંહ રાઠોડ, કો. ઓર્ડિનેટર દિનેશભાઈ, શિક્ષકગણ મોટી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર ભાગ લઈ પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું અને મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

લવાડ ખાતે ૧૦૦ જેટલા ખેલ મહાકુંભ વિજેતાઓની ટ્રેનિંગનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના નિયંત્રણ હેઠળ જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા આયોજિત ૬ જૂન થી ૨૬ જૂન દરમ્યાન યોજાયેલ રાષ્ટ્રકક્ષા હેન્ડબોલ ભાઈઓ સમર કોચિંગ કેમ્પ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી લવાડ ખાતે ૧૦૦ જેટલા ખેલ મહાકુંભ વિજેતા ખેલાડીઓને એક્સપર્ટ કોચ સુરેન્દ્ર દહીંયા અને એસ.એ.જી. કોચ અને ટ્રેનર દ્વારા આધુનિક ઢબેથી તાલીમ આપવામાં આવી રહી છે. આ કેમ્પમાં રાજ્યના જુદા જુદા જિલ્લાના પ્રતિભાશાળી ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. વર્લ્ડ હેન્ડબોલ ડે નિમિત્તે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના સહયોગથી સુંદર હેન્ડબોલ રમતનું આયોજન કરી ખેલાડીઓને પ્રોત્સાહીત કરવામાં આવે છે.

પીંપળજ ગામે ચોરી કરવા આવેલા શખ્સે ભંગારના વેપારીને માથામાં સળીયો માર્યો

ગાંધીનગર, તા.૨૪

પેથાપુર નજીક નવા પીંપળજ ગામે રબારીવાસના નાકે ભંગારના વેપારી પોતાના પરિવાર સાથે રહે છે. ભંગારના વખારમાં ખુલ્લા વાળામાં સવારના સમયે ચોરી કરવા આવેલા શખ્સના અવાજને પગલે ભંગારના વેપારી જાગી જતા આરોપીને પકડવા જતા વેપારીને માથાના ભાગે ચોરી કરવા આવેલા શખ્સે માથાના ભાગે સળીયો ઝીંકી દીધો હતો. વેપારીના માથાના ભાગે લોહી નીકળતુ હતું. જયારે બીજીતરફ વેપારીની પત્ની અને બાજુમાં રહેતા પાડોશી પણ જાગી જતા શખ્સને પકડી ને ગડદા પાટુનો માર માર્યો હતો. બન્ને ઈજાગ્રસ્તને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા.જયાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નવા પીંપળજ રબારીવાસના નાકે રહેતા ૪૦ વર્ષિય મેવારામ નેનુરામ ગુર્જર છેલ્લા ૮ વર્ષથી પરિવાર સાથે રહે છે અને ભંગારનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૨૩ ના રોજ રાત્રીના નવ વાગ્યાના અરસામાં જમી પરવારીને ભંગારની વખારના ખુલ્લા વાડામાં પરિવાર સાથે સુઈ રહ્યા હતા. ત્યારે વહેલી સવારે ચાર વાગે ભંગારની વખારમાં અવાજ આવતા મેવારામ જાગી ગયા હતા. તેઓએ જોયુ તો એક શખ્સ કેટલીક વસ્તુઓ ખંખોળી રહ્યો હતો. મેવારામ તેને પકડવા માટે ગયા તે સમયે ચોર શખ્સે તેના હાથમાં રહેલો સળીયો માથાના ભાગે મેવારામને ઝીંકી દીધો હતો. ભંગારના વેપારીને માથાના ભેગે લોહી નકીખળતા અને બુમાબુમ કરતા વેપારીની પત્ની અને પાડોશી શખ્શ આવી પહોંચતા ચોરી માટે આવેલા યુવકને પકડી પાડ્યો હતો અન ગડદાપાટુનો માર માર્યો હતો. પરોઢીયે હોહા થતા બીજા વ્યકિતઓ પણ જાગીને આવી જતા ૧૦૮ ને કોલ કરતા બંનેને ઈજા પહોંચતા સારવાર માટે ગાંધીનગર ખસેડાયા હતા.જયાં યુવકે પોતાનું નામ વિરેન્દ્રસિંહ ઉર્ફે વરુણ ઉર્ફે ભુરો નરેન્દ્રસિંહ ચાવડા (ઉ.૨૩, રહે, હાલ જામળા ગામ) હોવાનું જણાવ્યું હતું. જેથી સારવાર બાદ પેથાપુર પોલીસ મથકે મેવારામે વિરેન્દ્રસિંહ ચાવડા (રહે જામળા) સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર બસમાંથી બિનવારસી તમંચો અને કારતુસ મળ્યા

ગાંધીનગર, તા.૨૪

ચિલોડા-હિંમતનગર હાઈ વે માર્ગ રોડ પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી દરમિયાન મારૂતિ ટ્રાવેલ્સની બસમાંથી બિનવારસી હાલતમાં દેશી તમંચો અને કારતુસ મળી આવતા ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહી હોય છે. ત્યારે વિદેશી દારુના જથ્થા સાથે સમયાંતરે ગેરકાયદેસર હથીયાર બિનવારસી કે હથીયાર સાથે કોઈ શખ્સ ઝડપાતા હોય છે. તાજેતરમાં વાહન ચેકીંગની કામગીરી સમયે મોંઘીદાટ વિદેશી દારૂની બોટલનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો હતો. ત્યારે ફરીવાર વાહન ચેકીંગ દરમિયાન લકઝરી બસમાંથી બિનવારસી દેશી તમંચો અને કારતુસ મળી આવ્યા છે. નાકા પોલીસે હિંમતનગર તરફથી આવી રહેલી લકઝરી બસને સાઈડમાં ઉભી રખાવીને ડ્રાઈવર-કંડકટરને સાથે રાખી મુસાફરના સામાનની તપાસ કરી રહ્યા હતા. તે સમયે બસના છેલ્લા સ્લીપર કોચની સીટ નીચે થી બિનવારસી હાલતમાં એક પ્લાસ્ટીકની થેલી મળી આવી હતી. જેની તપાસ કરતા અંદરથી દેશી તમંચો અને કારતુસ મળી આવ્યા હતા. ડ્રાઈવર કંડકટરની પુછપરછ કરતા બંન્ને કયો મુસાફર હથીયાર મુકી ગયો તેની ખબર ન હતી. જેથી પોલીસે અજાણ્યા મુસાફર સામે ગુનો નોંધી તમંચો અને કારતુસ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- જિલ્લા પંચાયતમાં બે સિનીયર ક્લાર્કને નાયબ ચીટનીસ તરીકે બઢતી આપવામાં આવી છે. ગત સપ્તાહે ચારને બઢતી અપાઈ હતી જેમાં બે કચેરી અધિક્ષક અને બે નાયબ ચીટનીસ બનાવવામાં આવ્યા હતા.
- ૧૫મા નાણાંપંચની સમીક્ષા માટે ગઈકાલે સાંજે વિકાસ કમિશનરે જિલ્લાઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- જિલ્લામાં હજુ વાવણીલાયક વરસાદ ના થયો હોવાથી ખરીફ વાવણી ધીમી પડી છે.
- કૃષિ વિભાગના અધિકારીઓએ આજે વિડીયો કોન્ફરન્સ કરી નીતિ આયોગના ઈન્ડીકેટરો સંદર્ભે સમીક્ષા કરી હતી.
- જિલ્લા પંચાયત નજીક એક વાનર આજે ગાડી સાથે અથડાતાં ઈજાગ્રસ્ત વાનરને વન વિભાગ લઈ ગયુ હતુ. શહેરમાં કપિરાજો સતત તોફાન કરી રહ્યા છે તે વાત વારંવાર અખબારોમાં ચમકી છે પણ વન વિભાગ હજુ પગલાં ભરતુ નથી.
- ગાંધીનગર શહેરમાં શાળા પ્રવેશોત્સવને લઈ આજે ખોરાક ઔષધ નિયમન તંત્રના ડૉ. કોશિયા ગોકુળપુરા અને સે. ૧૩માં ગયા હતા.
- ગાંધીનગર શહેરમાં મંત્રીઓ નહિ હોવાથી આજે ટ્રાફિકનું ભારણ ઓછુ રહ્યુ હતુ તેમજ સ્વર્ણિમ સંકુલમાં મુલાકાતીઓ પણ નહિવત જણાયા હતા.
- ગાંધીનગર શહેરમાં કેરીઓના વેચાણમાં વૃદ્ધિ જોવા મળી રહી છે. જોકે હાલ કેરીના ભાવમાં કડાકો બોલ્યો છે.
- માણસા તાલુકાના વરસોડા ખાતે મૂળસિંહજી રાઓલે શતાયુ વર્ષ પૂર્ણ કરતાં તેમના ૧૦૧માં જન્મદિનની ઉજવણી કરવામાં આવી હતી.
- સે. ૩૦માં કરાયેલા ખોદકામને પગલે લોકોની હાડમારી વધી ગઈ છે.

શિક્ષક સહાય યોજના અંતર્ગત ફોર્મ મેળવવા બાબત

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ચાલતી શિક્ષક સહાય યોજના અંતર્ગત સભાસદ શિક્ષક ભાઈ બહેનોનું ચાલુ ફરજ દરમિયાન અવસાન થયેલ હોય અને અસાધ્ય બિમારી જેવી કે કેન્સર અને કિડનીના રોગથી પીડિત હોય તેવા શિક્ષક ભાઈ બહેનોને સહાય આપવા તથા સભાસદ ભાઈ બહેનોના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૭૦ ટકા તેમજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૬૫ ટકા ગુણ પ્રાપ્ત કરનાર સભાસદ શિક્ષક ભાઈ બહેનોના તેજસ્વી સંતાનોમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનારને અનુક્રમે ૨૫ ગ્રામ, ૨૦ ગ્રામ અને ૧૫ ગ્રામ ચાંદીની મુદ્રાથી સન્માનિત કરવામાં આવશે તેમજ નિયત ટકાવારીથી વધુ ગુણ મેળવનારને પ્રોત્સાહિત ઈનામ આપવાના હોઈ જિ.પ્રા.શિ. સંઘના નિયત ફોર્મ મેળવી ફોર્મની વિગત ભરી ચાલુ વર્ષની માર્કશીટની પ્રમાણિત નકલ સાથે તાલુકા કક્ષાએ તાલુકા સંઘના પ્રમુખ-મંત્રીશ્રીને તા. ૩૧-૭-૨૨ સુધીમાં પહોંચાડવાના રહેશે. નિયત ફોર્મ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના 'શિક્ષક ભવન' સેકટર-૧૨ ગાંધીનગરના કાર્યાલયેથી તેમજ તાલુકા કક્ષાએ તાલુકા સંઘના પ્રમુખ-મંત્રીશ્રી પાસેથી મળી રહેશે. તા. ૫મી ઓગસ્ટ ૨૦૨૨ સુધીમાં નિયત ફોર્મ તાલુકા કક્ષાએથી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યાલયે મળે તેવી પધ્ધતિથી મોકલી આપવાના રહેશે. નિયત સમય મર્યાદા બાદ આવેલ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

કર્ણાવતી યુનિવર્સિટી ખાતે ૨૨ સ્ટાર્ટઅપ્સ દ્વારા રજૂ કરવામાં આવેલા સંરક્ષણ નવીનીકરણો

ગાંધીનગર, તા. ૨૪

ઉદ્યોગજગત અને શિક્ષણજગત વચ્ચે એક મજબૂત અને તંદુરસ્ત સહભાગીદારી સ્થાપિત કરવાની દિશામાં એક મોટા પગલાં તરીકે શુક્રવારના રોજ

ગાંધીનગરના ઉવારસદ ખાતે આવેલી કર્ણાવતી યુનિવર્સિટીમાં સંરક્ષણ નવીનીકરણોની એક શ્રેણીનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ગોલ્ડ કટાર ડિવિઝનના જીઓસી માનનીય મેજર જનરલ મોહિત વાધવાએ ભારતીય સેનાના ૨૦ અધિકારીઓની સાથે સમગ્ર ભારતના ૨૦ સંરક્ષણ સ્ટાર્ટઅપ્સ દ્વારા કરવામાં આવેલા આ પ્રદર્શનને નિહાળવા માટે કર્ણાવતી યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી.

આ કાર્યક્રમને ગાંધીનગરના ઉવારસદમાં આવેલી કર્ણાવતી યુનિવર્સિટી ખાતે ડીફેન્સ ડીઝાઈન એન્ડ ટેકનોલોજી ઈક્યુબેટર ઓફ ઈન્ડિયા (DDTII) દ્વારા યોજવામાં આવ્યો હતો. આ ગુજરાતનું બીજું ડીફેન્સ ઈક્યુબેટર છે. કર્ણાવતી યુનિવર્સિટીએ રાજ્યની એક ખાનગી યુનિવર્સિટી છે, જે શિક્ષણમાં શ્રેષ્ઠતા પ્રત્યે સમર્પિત છે અને તે ઈન્ટરડિસિપ્લિનરી લર્નિંગ પર કેન્દ્રીત છે.

પોતાની માહિતી રજૂ કરવા જઈ રહેલા સ્ટાર્ટ-અપ્સમાં હોલો વર્લ્ડ, સાગર ડીફેન્સ એન્જિનીયરિંગ, બિગ બેંગ બૂમ સોલ્યુશન્સ, આર્મ્ડબોટ્સ, સિક્યોર ફાયર સેફ્ટી ઈન્ડસ્ટ્રીઝ, આરડીએલ ટેકનોલોજિસ, પ્લુટોમેન ટેકનોલોજિસ, ડિસેક્ટો ટેકનોલોજિસ, અચુક એન્વાર્યમેન્ટલ સોલ્યુશન્સ, ટીમકોગ્નિટો સોલ્યુશન્સ, સ્પેસફીલ્ડ્સ, આઈઆર ઓવી ટેકનોલોજિસ અને એલકૉમ્પોનિક્સ એરોબ ટેકનોલોજિસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના ચેરમેન દ્વારા વિદ્યાર્થીઓને તિથિ ભોજન તેમજ ચોપડાનું વિતરણ

ગાંધીનગર, તા.૨૪

સમગ્ર રાજ્યમાં હાલ ત્રણ દિવસ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ચાલી રહ્યો છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટે. કમિટિના ચેરમેન જશવંતભાઈ પટેલ દ્વારા ભાટ અને હુડકો ભાટ પ્રાથમિક શાળામાં આયોજિત શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. બાળકોને તિથિ ભોજન કરવવામાં આવ્યુ હતું તથા વિદ્યાર્થીઓને ચોપડાઓનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના આપણા સૌના ધારાસભ્ય શંભુજી ઠાકોરના સ્પેશિયલ બજેટ માંથી ફાળવવામાં આવેલ રૂપિયા ૨૦૦૦૦૦૦૦/- અંકે બે કરોડની ગ્રાન્ટમાંથી શુક્રવારના રોજ ચાંદખેડા મોટેરા રોડ ઉપર અશોક વિહાર સર્કલથી ચાંદખેડા ગામ તરફ જવાના રોડ ઉપરના ૪ લેન રોડનું ખાતમુહુર્ત ફુલસ્ટોપ સોસાયટી આગળ રાખ્યું હતું. જેમાં વોર્ડના જનરલ બોડીના હોદ્દેદારશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, તમામ મોરચાના પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી, તમામ સેલના હોદ્દેદારો અને તમામ મોરચાના હોદ્દેદારશ્રીઓ અને સર્વે કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

સરકારી પ્રાથમિક શાળા સેક્ટર ૨, ગાંધીનગર ખાતે તારીખ ૨૩ જૂન નાં રોજ શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. પ્રવેશોત્સવ કાર્યક્રમ બાદ શાળાના પટાંગણમાં મહેમાનોના હાથે વૃક્ષારોપણ કરવામા આવ્યું હતું. ઉદગમના પર્યાવરણ પ્રેમી મનોજભાઈ જોષી એ બાળકોને સાથે રાખી વૃક્ષારોપણ કર્યું હતું. પર્યાવરણમાં વૃક્ષનું મહત્વ, મહત્તા અને ફાયદા બાળકોને સમજાવ્યા હતા. સાથે વૃક્ષની ઉછેર માટેની સમજ આપીને બાળકોને વૃક્ષ ઉછેરની જવાબદારી સોંપી. વાવેલ વૃક્ષની મનોજભાઈ એ સમયાંતરે 'જાત દેખરેખ'ની ખાત્રી આપી હતી.

આજથી ઓવરસીસ એક્સપો ૨૦૨૨નો ભવ્ય પ્રારંભ

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતમાં દિન પ્રતિદિન વિદેશ જવાનો ક્રેઝ વધી રહ્યો છે. જેમાં યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ન્યુઝીલેન્ડ, યુરોપ, સીંગાપોર જેવા દેશોનો સમાવેશ થાય છે. આ પ્રયત્નને સાકાર કરવા ઓવરસીસ એક્સપો ૨૦૨૨નું આયોજન કરાયું છે. જેમાં સ્ટુડન્ટ વિઝા, બિઝનેસ વિઝા, વિઝીટર વિઝા તથા પરમેનન્ટ રેસીડેન્સી (પી.આર.)નો સમાવેશ થાય છે સાથે સાથે સ્ટુડન્ટ વિઝા માટે બેંક ફાઈનાન્સની પણ સુવિધા આ ઓવરસીસ એક્સપો ૨૦૨૨માં રાખવામાં આવી છે. દરેક પ્રકારના વિઝાનું યોગ્ય અને ચોકકસ માર્ગદર્શન એક જ સ્થળે મળી રહે તે હેતુથી તારીખ ૨૫-૨૬ જૂન ૨૦૨૨ શનિવાર અને રવિવાર ૨ દિવસ સવારે ૧૦ થી સાંજે ૭ કલાકે ઉમિયા માતાજી મંદિર હોલ, પથિકાશ્રમની નજીક સે-૧૨ ગાંધીનગરમાં આયોજન કરાયેલ છે. આ એક્સ્પોમાં કોઈ પણ જાતની ફી લેવામાં આવશે નહીં આ ઓવરસીસ એક્સપો ૨૦૨૨માં ગાંધીનગરની ૧૦થી વધુ નામાંકિત અને ટ્રસ્ટેડ વિઝા કન્સલન્ટન્સી જેમાં વિહાન ઓવરસીસ પ્રા.લિ., સ્ટ્રોમ ઓવરસીઝ એજયુકેશન, વેબગ્યોર ટુર્સ એન્ડ કન્સલટન્ટસ, માહી વિઝા સર્વિસ, રાઈટ ડાયરેકશન, એર ઈમીગ્રેશન, મારૂતી ઈમીગ્રેશન પ્રા.લિ., આઈ.ઈ.સી., ઓવરસીસ ગેટવે વગેરે તથા ફાઈનાન્સ માટે કેનેડાની આઈસીઆઈસી બેન્ક કેનેડા ભાગ લઈ રહી છે. સ્ટુડન્ટ વિઝા માટે ડોકયુમેન્ટ ચેક લીસ્ટથી લઈને વિદેશ ગમન સુધી તમામ માહિતી આપવામાં આવશે. સ્ટુડન્ટ વિઝા માટે શરૂઆતમાં લેવામાં આવતી આઈલેટસ, ટોફેલ, પીટીઈ, ડયુલીંગો ઈંગ્લીશ ટેસ્ટ વગેરે જેવી પરીક્ષા માટેનું શિક્ષણ તથા ટ્રીકસ આપવામાં આવશે. બિઝનેશ વિઝા માટે વિદેશમાં બિઝનેસ સેટઅપ કેવી રીતે કરવું અને કેટલું રોકાણ કરવું તેનું ચોકકસ માર્ગદર્શન આપવામાં આવશે.

Indian Institute of Teacher Education
Ramkrishna Paramhans Education Complex,
Nr. Mahatma Mandir, KH-5, Sector-15,
Gandhinagar. Phone : 079-23243733

ઈ-ટેન્ડર નોટીસ ૦૧/૨૦૨૨-૨૩

આઈ.આઈ.ટી.ઈ., સેક્ટર-૧૫, ગાંધીનગર હસ્તકના મુખ્ય સંકુલ ખાતે વર્કશોપ તેમજ સ્ટોરેજ અને સ્વિમિંગ પુલ અપગ્રેડેશન માટેની કામગીરી હેતુ ટેન્ડર તારીખ લંબાવી તા. ૩૦/૬/૨૦૨૨ સુધી ઓનલાઈન ભરી શકશે. તેમજ તા. ૧/૭/૨૦૨૨ સાંજ સુધીમાં પહોંચાડવાના રહેશે.

રસ ધરાવતા ઈજારદારોએ **www.nprocure.com** પરથી ટેન્ડર ડાઉનલોડ કરી ભરી શકે છે.

સ્થળ : ગાંધીનગર — **પ્રો. (ડો). હિમાંશુ પટેલ**
તારીખ : ૨૪/૬/૨૦૨૨ — **કુલસચિવ**
માહિતી/૭૨૧/૨૨-૨૩

બાસણ, પાલજ અને સેક્ટર-૨૧ની પ્રાથમિક શાળા ખાતે શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

રાજ્યભરમાં ૨૨ જૂનથી ૧૭માં શાળા પ્રવેશોત્સવની ઉજવણી શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ગાંધીનગર માહનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ અને ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટે. કમિટિના ચેરમેન જશવંતભાઈ પટેલે સરકારી પ્રાથમિક શાળા બાસણ, પાલજ પ્રાથમિક શાળા અને સેક્ટર-૨૧ની પ્રાથમિક શાળામાં હાજરી આપી હતી. તેમજ વોર્ડ ૪ અને વોર્ડ ૫ના કોર્પોરેટર, શાળાના આચાર્ય, કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓ તેમના માતા પિતા સાથે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર તેમજ ચેરમેન દ્વારા તેમના સંબોધનમાં વિદ્યાર્થીઓને શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતું. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમને લીધે ગુજરાતના સાક્ષરતા દરમાં વધારો થયો છે અને કન્યા કેળવણી મહોત્સવ જેવા કાર્યક્રમને લીધે કન્યાઓના શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવામાં રાજ્ય સરકાર સફળ રહી છે.

શિવરંજની સંસ્થાની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ

ગાંધીનગર, તા. ૨૪

શિષ્ટ સંગીતના સંરક્ષણ-સંવર્ધનને વરેલી શિવરંજની સંસ્થા તેની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ કરીને ૫૧મા વર્ષમાં પ્રવેશ મેળવ્યો છે. ગીત સંગીતના અનેક નવતર કાર્યક્રમો દ્વારા સંસ્થાએ સંગીતના ચાહકોમાં આગવુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

પૂ. ઓમકારનાથ ઠાકુરના જન્મદિનને પસંદ કરી ગાંધીનગરના સંગીતના ચાહકો રાજેનભાઈ ભટ્ટ, આર.સી. જોષી અને અન્યોએ સરકારી શુષ્ક માહોલમાં સુર રેલાવાનું સ્વપ્ન જોયું અને એ રીતે ૨૪-૬-૭૨ ના રોજ ગાંધીનગરની પહેલી સાંસ્કૃતિક સંસ્થા બની. મુર્ધન્ય કલાકાર મંજુબેન મહેતાના સિતાર વાદનથી પહેલો કાર્યક્રમ યોજાયો જેમાં એક સ્કૂલના દાદરા નીચે સાવ નાની જગ્યામાં ૩૫ ગુણીજનોની હાજરી અને ત્યાર પછી સંસ્થાએ અનેક ઉતાર ચઢાવ જોયા.

૩૫ ગુણીજનોથી શરૂ થયેલી સંસ્થા સાથે એ એક સમયે ૮૦૦ ગુણીજનો પણ જોડાયા.

૫૦ વર્ષની યાત્રામાં શિષ્ટ સંગીતના અનેક આયામો અને કલાકારોને રજુ કર્યા. સુગમ સંગીત, લોકસંગીત, ગઝલ, ભજન અને ઉત્તરપ્રદેશના ટ્રેડીશનલ કવ્વાલોને તેમજ 'સુરદાસ' કલાકારોને પણ પેશ કર્યા. નવા પ્રયોગોમાં 'વેણીના ફુલ' 'બટ મોગરાના ફુલ' બેગમ અખતરને અંજલિ, મુ. રાસભાઈને અંજલિ જેવા કાર્યક્રમો યોજાયા. શિષ્ટ સંગીતની સેવાની આ યાત્રા ૫૦ વર્ષની મજલ કાપીને ૫૧માં વર્ષમાં પ્રવેશે છે. ત્યારે આ યાત્રામાં વખતો વખત જેઓએ વિવિધ રીતે સહકારી આપ્યો એ સર્વેનો શિવરંજની સંસ્થા આભાર માને છે.

CHILDREN'S UNIVERSITY
(Established by Government of Gujarat)
Shubhash Chandra Bose Shikshan Sankul,
Near Chh-5, Children's University Circle, Sector-20,
Gandhinagar-382021 (Gujarat)
Phone : 079 232 44569 Website : www.cugujarat.ac.in

Advertisement No. 03/2022

Children's University, Gandhinagar invites 'Online Applications' for the post of Registrar. Eligible candidates shall be required to apply online on before 15/7/2022 till 5.00 P.M. at https://recruitment.cugujarat.ac.in/ the online application can be made from 25/6/2022 to 15/7/2022. The Details about required Educational Qualification, Experience and General Instructions etc. are available on the website of Children's University, Gandhinagar

Gandhinagar — **Registrar (I/c)**
24/6/2022 — **Children's University**
માહિતી/૭૧૬/૨૨-૨૩